ક્રમાંક/જીસીઇઆરટી/અભ્યાસક્રમ/2020/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ
પરિષદ,'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન : (079) 23256808-39
નિયામક :(079) 23256808
ફેક્સ :(079) 23256812
ઈ-મેઇલ :director-gcert@gujarat.gov.in
Web :www.gcert.gujarat.gov.in
તારીખ :૧૦-૦૬-૨૦૨૦

सत्यमेव जयते

સચિવ

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ

**વિષય: રાષ્ટ્રીય કક્ષાની યોગ ક્વિઝ સ્પર્ધાના આયોજન બાબત**
**સંદર્ભ: માન.નિયામકશ્રીની નોંધ ઉપરની મંજૂરી**

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે એનસીઇઆરટી, નવી દિલ્હી મારફતે પ્રતિવર્ષ યોગ ઓલમ્પિયાડનું આયોજન કરવામાં આવે છે. પરંતુ અત્યારે કોવિદ- ૧૯ની પરિસ્થિતિ જોતાં યોગ ઓલમ્પિયાડનું આયોજન થઈ શકે તેમ નથી.

જેના વિકલ્પે એનસીઇઆરટી દ્વારા તા. ૧૮થી ૨૦ જૂન, ૨૦૨૦ દરમિયાન ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા યોજવાનું વિચારેલ છે. જેમાં ધોરણ ૬ થી ૧૨નાં બાળકો ભાગ લઈ શકશે. આ ઓનલાઇન ક્વિઝ સ્પર્ધાનો અભ્યાસક્રમ એનસીઇઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા ટૂંક સમયમાં એનસીઇઆરટીની વેબસાઇટ પર મૂકવામાં આવશે.

પ્રસ્તુત ક્વીઝનું માધ્યમ અંગ્રેજી અને હિન્દી રહેશે. આ વર્ષે રાષ્ટ્રીય કક્ષાની ક્વીઝમાં સહભાગી બનવાની સારી તક આપણા વિદ્યાર્થીઓને મળી છે.

એનસીઇઆરટી websiteaddress : http://www.ncert.nic.in/ છે. આ વેબસાઇટની સતત મુલાકાત લઇ ક્વીઝ અંગે માહિતગાર થવા શાળાઓ અને વિદ્યાર્થીઓને અનુરોધ કરવાનો છે.

આપની કક્ષાએથી આપની તમામ શાળાઓને આ ક્વિઝ અંગે જાણકારી આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમાં સહભાગી બને તે માટે પ્રોત્સાહિત કરશો.

ક્રમાંક/ ૨૦૨૫૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પા.
તારીખ : ૧૬/૦૬/૨૦.

- નકલ રવાના જાણ તથા અમલ સારું

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, બીનગ્રાન્ટેડ, મા.
ઉ.મા. શાળાઓ તમામ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner